પૂર્વછાયો- સહુ મળી વળી સાંભળો, કહું ત્યાર પછીની રીત ।
ધર્મદેવની વારતા, તમે સાંભળજ્યો દઈ ચિત ॥૧॥
સાંખ્યયોગને આશરી, રહ્યા પોતે સ્વધર્મને માંય ।
નિશદિન શ્રીકૃષ્ણનું, સ્મરણ કરે છે સદાય ॥૨॥
પ્રવૃત્તિ મનથી પરહરી, કરી વિષયવાસના ત્યાજ ।
સ્વાદ રહિત થોડું જમે, બ્રહ્મચર્ય રાખવા કાજ ॥૩॥
તપે કરી તન કૃષ છે, ધ્યાન યોગનું છે બળ ।
સુત તેની સેવા કરે, નિરજર જાણું નિરમળ ॥૪॥

ચોપાઇ- પોતાના સુત ભગવાન જેહ, હરિ સાથે છે બહુ સનેહ ।
તેહ વિના તપ જોગવતિ, મનને શુદ્ધ કર્યું છે અતિ ॥૫॥
એવા સમામાં દેહ લક્ષણ, થાવા લાગ્યાં તને તતક્ષણ ।
ફરકી આંખ્ય ભુજ ડાબું અંગ, થયાં શુકન જાણ્યાં કુઢંગ ॥૬॥
વળી સ્વપ્નાં લાધાં છે જેહ, અતિ અવળાં જણાણાં તેહ ।
જાણું રવિ શશિ વળી ઉડુ, પડ્યાં ભૂમિએ તે પણ ભુડું ॥૭॥
કર્યો શાસ્ત્ર દૃષ્ટિએ વિચાર, આવ્યું મૃત્યું જાણ્યું નિરધાર ।
જાણ્યું થોડા દહાડામાંહિ દેહ, પડશે એમાં નહિ સંદેહ ॥૮॥
પછી શ્રીકૃષ્ણનાં બાળચરિત્ર, દશમમાં કહ્યાં છે પવિત્ર ।
તેનો નિત્ય નિત્ય પાઠ કરે, કૃષ્ણમૂર્તિ ઉરમાં ધરે ॥૯॥
બીજા થકી છે બહુ ઉદાસ, એમ કરતાં વીત્યો એક માસ ।
પ્રેમવતીનો માસિસો જેહ, કર્યો શાસ્ત્રના વિધિએ તેહ ॥૧૦॥
શ્રાદ્ધ સારી જમાડ્યા વિપર, કર્યો માસિસો સારો સુંદર ।
પછી માસે માસે નિરધાર, જમ્યા દ્વિજ હજારો હજાર ॥૧૧॥
એમ કરતાં સાત માસ થયા, જમી બ્રાહ્મણ તે ઘેર ગયા ।
પછી પોતે પોતાના સંબંધી, જમ્યા ભેળા બેસી ભલી વિધિ ॥૧૨॥
પછી ધર્મદેવને તે દને, આવ્યો તાવ પીડા થઈ તને ।
ત્યારે એમ વિચાર્યું છે મન, આવ્યું મૃત્યું હવે થોડે દન ॥૧૩॥
પછી સર્વે પદારથ માંય, પ્રીતિ રહેવા દીધી નહિ ક્યાંય ।

શ્રીકૃષ્ણ ધ્યાને જોડ્યું છે મન, આવ્યો એકાદશીનો ત્યાં દન ॥૧૪॥
તેદિ શ્રીકૃષ્ણની પૂજા કીધી, તેડી બ્રાહ્મણને ભલી વિધિ ।
એમ કર્તાં આથમિયો દન, પડી રાત્ય આવિયાં સ્વજન ॥૧૫॥
સર્વે સંબંધી રહ્યાં છે સુઈ, હરિ વિના બેઠું નથી કોઈ ।
એકાદશીના જાગરણ કાજ, એક જાગે પોતે મહારાજ ॥૧૬॥
નિજતાતનાં ચાંપે છે ચરણ, એમ કરે છે આપે જાગરણ ।
તાત પામ્યા પીડા તાવ તેણે, નથી આવતી નિદરા નેણે ॥૧૭॥
પછી હરિની ઇચ્છાએ કરી, વૃત્તિ અંતરમાંહિ ઉતરી ।
સમાધિમાં જોયું બ્રહ્મતેજ, દીઠો તેજ સમૂહ સહજ ॥૧૮॥
જોયું વૃંદાવન તે મોઝાર, દીઠા કૃષ્ણ ત્યાં કરતા વિહાર ।
સુંદર મોરલી હાથે છે એવા, દીઠા પૂર્વે દીઠા હતા જેવા ॥૧૯॥
નિર્ખિ શ્રીકૃષ્ણ વાધ્યો આનંદ, થયા મગન દેખી સુખકંદ ।
હુવા રોમાંચિત ગાત્ર તેણે, આવ્યાં હર્ષ તણાં આસું નેણે ॥૨૦॥
પછી ધર્મે સંભ્રમે કરીને, કર્યાં દંડવત બહુ હરિને ।
કરી નમસ્કાર જોડી પાણ, ઉભા આગળે ધર્મ સુજાણ ॥૨૧॥
કરતાં દર્શન ત્યાં તતકાળ, દીઠા કૃષ્ણ પોતાના તે બાળ ।
કૃષ્ણ હરિ હરિ તેજ કૃષ્ણ, એવું જાણીને કરે છે દ્રષ્ણ ॥૨૨॥
કૃષ્ણસમ દેહનો આકાર, ફેર નહિ વેષ બ્રહ્મચાર ।
પછી ધર્મને સર્વે સાંભર્યું, કૃષ્ણ હરિનામે દેહ ધર્યું ॥૨૩॥
મારે ઘેર પ્રગટ્યા એ કૃષ્ણ, થઈ પોતે ભગવાન પ્રશ્ન ।
એમ જાણી પ્રેમવશ થયા, પછી હરિને મળવા ગયા ॥૨૪॥
ત્યાંતો અંતર્ધાન થયું રૂપ, દીઠું સમાધીમાં જે અનુપ ।
જાગ્યા સમાધિથી ધર્મદેવ, ત્યાંતો પાસે કરતાં દીઠા સેવ ॥૨૫॥
તેને મળ્યા કરી અતિ પ્રીત, તેણે થયા પોતે રોમાંચિત ।
આવ્યાં હર્ષનાં આંખ્યમાં આંસું, જાણ્યું આવી મંડાણું ચોમાસું ॥૨૬॥
પછી નમસ્કાર કરી ઘણું, કર્યું પ્રારથના પ્રભુતણું ।
કહે નરનાટયક તમે ધરી, ઢાંકી રાખ્યું છે ઐશ્વર્ય હરિ ॥૨૭॥

તમે સર્વે જગતના સ્વામી, કૃષ્ણદેવ તમે બહુનામી ।
મારા ઈષ્ટદેવ કૃષ્ણ જેહ, પૂરણ પુરુષોત્તમ તમે તેહ ॥૨૮॥
કરવા સત્ય પોતાનું વચન, મારા પુત્ર થયા ભગવન ।
તમે સ્વતંત્ર છો ભગવાન, પૂર્વે આપ્યું તું મુજને જ્ઞાન ॥૨૯॥
સાક્ષાતકાર જનમ સમે, મને જણાણાતા પ્રભુ તમે ।
તેહ જ્ઞાન કાળ વેગે કરી, મને વિસરી ગયું તું હરિ ॥૩૦॥
હવે આજથકી જ્ઞાન એહ, વિસરીમાં જાજ્યો માગું તેહ ।
કહું તમને સુણો દયાળ, આવ્યો છે સમીપે દેહ કાળ ॥૩૧॥
પાંચ છો દિને તન છુટશે, કાચો કુંભ તે નિશ્ચે ફુટશે ।
તેનો ભય નથી મન મારે, દૃઢ આશ્રયે કરી તમારે ॥૩૨॥
પણ એક ખેદ મનમાંય, વિરહ તમારો નહિ સહેવાય ।
માટે ફરી જન્મ થાઓ મારો, પણ વિયોગ માં થાઓ તમારો ॥૩૩॥
એવો વર માગું તમ પાસ, આપો દયા કરી અવિનાશ ।
એવાં સુણી ધર્મનાં વચન, બોલ્યા આપે પોતે ભગવન ॥૩૪॥
કહ્યું તાત સુણો મારી વાત, મારૂં સ્વરૂપ જાણ્યું સાક્ષાત ।
થયું યથારથ જ્ઞાન મારૂં, એતો થયું છે અતિશે સારૂં ॥૩૫॥
કાંઈ જાણવા પામવા માંઈ, કેડે રહ્યું નથી બાકી કાંઈ ।
તમે પૂરણકામ છો તાત, માનો કૃતારથ કહું વાત ॥૩૬॥
માટે ભૌતિક દેહને ત્યાગી, દિવ્ય દેહ પામો બડભાગી ।
સર્વે સંબંધી ભેળા તમે તાત, રહેશો મારી પાસે સાક્ષાત ॥૩૭॥
એમાં સંશય નથી લગાર, તજો ચિંતા તમે આણીવાર ।
થાઓ નિઃસંગ સર્વથી ધર્મ, કહું આ સમે સમજો મર્મ ॥૩૮॥
મુજ પરાયણ થાઓ તાત, શુદ્ધ મને કરી કહું વાત ।
નિજ આતમામાં મારું ધ્યાન, કરો અતિ પ્રીતે ગુણવાન ॥૩૯॥
કહું સાંભળજયો સહુ જન, કહ્યાં તાતને એવાં વચન ।
સુણી રાજી થયા ધર્મદેવ, કર્યો નમસ્કાર તતખેવ ॥૪૦॥
પછી ધર્મ બોલ્યા તેહ વાર, તમે કર્યો મુંપર ઉપકાર ।

તેના પ્રતિ ઉપકાર માંઇ, હાથ જોડ્યા વિના નથી કાંઇ ॥૪૧॥
માટે ચરણકમળ તમારે, કરું વંદન વારમવારે ।
એવું સુણી પોતે ભગવાન, કર્યું તાતનું બહુ સનમાન ॥૪૨॥
પછી ધર્મે તેડ્યા સુત દોય, રામપ્રતાપ મોટેરા સોય ।
નાના સુત ઇચ્છારામ જેહ, પોતા પાસળે તેડાવ્યા તેહ ॥૪૩॥
મૃત્યું સમય જાણીને ધર્મ, સમજાવે છે સુતને મર્મ ।
હરિજ્ઞાનરૂપ ચિંતામણિ, દેવા ઇચ્છ્યા છે સુતને ઘણી ॥૪૪॥
જેમ મૃત્યું ટાણે કોઇ જન, સોંપે પોતાના પુત્રને ધન ।
તેમ હરિજીના જ્ઞાનરૂપ, ઇચ્છ્યા સુતને દેવા અનૂપ ॥૪૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે ધર્મસમાધિ નામે પચીસમું પ્રકરણમ્ ॥૨૫॥